| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૬/03/૨૦૨૨ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૮૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/03/૨૦૨૨ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | 0 | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | 0 | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | 0 | ૪૭૩૩ | ૬૨૮૨ | 0 | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૦ | 0 | ૧૩૦ | ૪૦૯ | 0 | ૪૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | 0 | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | 0 | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૮૩ | 0 | ૧૦૦૬૮૩ | ૧૦૯૫૮૭ | 0 | ૧૦૯૫૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૪ | ૫,૨૪,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૩ | ૩૩,000/- |

# “શી” ટીમની કામગીરી

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા નિર્ભયા ફંડ–safe city project for safety of women હેઠળ મહીલાની સુરક્ષાને પ્રાધાન્ય આપવા સારૂ તેમજ મહીલાઓ જાહેર સ્થળો ઉપર સુરક્ષા અનુભવે તેમજ છેડતી,જાતીય સતામણી જેવા ગુના અટકાવવા મહીલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અમદાવાદ શહેર ખાતે “POLICE SHE TEAM” કાર્યરત કરવામા આવેલ. જે અનુસંધાને મહીલાના છેડતીના બનાવો અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને કાગડાપીઠ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એ.જે.પાંડવ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પી કે પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૫/૦૩/૨૦૨૨ ના રોજ અત્રેના કાગડાપીઠ પોલીસ સ્ટેશનના શી ટીમમાં ફરજ બજાવતા ઇન્ચાર્જ શ્રી પો.સબ.ઇન્સ બી.એસ.રબારી તથા હે.કો.હરીભાઇ નાયાભાઇ બ.ન.૫૪૨૧ વુ.પો.કો પારસબેન રમેશભાઇ બ.નં.૪૬૬૫ તથા જલ્પાબેન રણમલભાઇ બ.નં-૧૦૧૩૭ તથા વુ.લો.ર ચંદ્રાબેન મનજીભાઇ બ.ન.૧૩૭૬૧નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એસ.ટી.બસ સ્ટેશન ગીતામંદીર ખાતે એક અજાણી કિશોરી બેઠેલી જણાયેલ. જે કિશોરીને નામ ઠામ પૂછતા તેણે પોતાનું નામ અન્જુકુમારી ગંગેશ્વર ગોડ ઉ.વ.૧૬ વર્ષ રહે-રૂમ નં-૧ શ્રધ્ધા ફોરજિંગ GIDC મેટોડા રાજકોટ જીલ્લાની હોવાની હકીકત જણાવેલ અને તેઓના મમ્મી નાઓ સાથે રસોઇ બનાવવા માટે થઈ ને ઝઘડો થતા તેઓની મનમાં લાગી આવતા તેઓ ગઈ તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ સવાર ના અગીયાર વાગ્યાના સુમારે ઘરેથી કોઇને કહ્યા વિના ઘરેથી રીક્ષામાં બેસીને રાજકોટ રેલ્વે સ્ટેશન આવી ટ્રેનમા બેસીને તા.૧૪ /૦૩/૨૦૨૨ ના ક. પાચ વાગ્યાના સુમારે ગીતામંદીર એસ.ટી.બસ સ્ટેશન ખાતે અમદાવાદ શહેર આવી ગયેલ તેવુ જણાવતા સદર કિશોરીને અત્રેના કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે લાવી શી ટીમમાં ફરજ બજાવતા વુ.લો.ર. ચંદ્રાબેન મનજીભાઇ બ.ન.૧૩૭૬૧ નાઓએ ઉપરોક્ત હકીકત અંગે સદર કિશોરી ના વાલી ને ફોન દ્વારા જણાવેલ ઉપરોક્ત હકીકત લોધિકા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા સદર કિશોરીના વાલી વારસ અંગે ભાળ મળતા તેઓને ઉપરોક્ત હકિકત વાકેફ કરતા કિશોરી વાલી-વારસ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે આવતા તેઓને તા.૧૫/૦૩/૨૦૨૨ ના કલાક ૧૯/૦૦ સ્ટે.ડા નં ૧૪/૨૨ વાગે કિશોરીનો કબ્જો કિશોરી ને તેમના વાલીને સોંપી કાગડાપીઠ પોલીસની “શી ટીમે” ઉમદા અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.



**<u>નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૮૭/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૮૪ વ્યક્તિઓને ઝડપી, ૩૯૩ લીટર દેશી દારૂ, ૧૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૯,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૮૮/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૮૯/૨૦૨૨</u>**

**સાયબર ક્રાઈમઃ** હર્ષદભાઇ ઘનશ્યામભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે. વેદાંત શ્રીજી ફ્લેટ અનુરાગ બંગલોઝ પાસે સિમ્સ હોસ્પીટલ રોડ સોલા) એ તા.૧૫/03/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/03/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા મોબાઈલ નંબર ૮૧૨૮૯૫૮૭૧૩, ૯૭૨૪૭૨૬૯૯૧, ૯૬૬૨૮૨૭૭૬૮ અને ફોન પે નંબર ૮૮૬૬૧૬૦૯૧૬ તેમજ Santosh Gupta IndusInd Bank Account: No. ૧૫૭૫૯૯૮૮૭૪૯૫ ના ધારકોએ ભેગા મળી ફેંડશીપ ક્લબના ઓથા હેઠળ લોભામણી વાતો કરી હર્ષદભાઈ પટેલ પાસેથી રજીસ્ટ્રેશન તેમજ જુદી-જુદી પ્રોસેસ પેટે કુલ રૂપિયા ૨,૭૭,૨૦૦/- ભરાવડાવી ભરેલ નાણા કે બીજી કોઇ સુવીધા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૯૦/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** દિપકભાઇ ચંદુભાઇ વાઘેલા (ઉ.વ.૪૫) (રહે. કર્ણાવતીનગર મ્યુ.સ્નાનાગર પાછળ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૫/03/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા અચેર ગામ સ્મશાનગૃહ પાસે મેલડી માતાના મંદિર નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ મફતાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.